**રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક (જાહેરાત ક્રમાંક: 01/2025) અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક (જાહેરાત ક્રમાંક: 02/2025) શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-2025**

# (દિવ્યાંગજનો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝુંબેશ)

## ડૉક્યુમેન્ટ વેરિફિકેશનની સુચનાઓ

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ, કમિશનર શાળાઓની કચેરી, બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર-૧૯, ગાંધીનગર.

---

**તા. ૧૪/૧૧/૨૦૨૫**

દિવ્યાંગજનો માટે શિક્ષણ સહાયકની ખાસ ભરતી ઝુંબેશ હેઠળ રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક (જાહેરાત ક્રમાંક: 01/2025) અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક (જાહેરાત ક્રમાંક: 02/2025) શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-2025 અન્વયે ઓનલાઇન અરજી કરનાર દરેક ઉમેદવારોએ તેમના દ્વારા preffered કરાયેલ **જિલ્લામાં ડોક્યુમેન્ટ વેરિફિકેશન સેન્ટર ખાતે તા.૧૯/૧૧/૨૦૨૫ થી તા. ૨૦/૧૧/૨૦૨૫ સુધી (સવારે ૧૧.૦૦ કલાકથી સાંજે ૫.૦૦ કલાક દરમિયાન)** ડૉક્યુમેન્ટ વેરિફિકેશન કરાવવાનું રહેશે.

- ઉમેદવારે અરજીફોર્મમાં દર્શાવેલ preffered district for document verification માં પસંદ કરેલ જિલ્લા વેરિફિકેશન સેન્ટર ખાતે રૂબરૂ ઉપસ્થિત રહી ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવવાનું રહેશે. અન્ય જિલ્લામાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવી. જિલ્લા કક્ષાના ડોક્યુમેન્ટ વેરિફિકેશન સેન્ટરની યાદી વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.
- ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે ઉક્ત સમયગાળામાં જિલ્લા કક્ષાના ડોક્યુમેન્ટ વેરિફિકેશન સેન્ટર ખાતે ઓનલાઈન અરજીપત્રકની પ્રિન્ટ સહી કરી સાથે તમામ અસલ ગુણ પત્રકો/ પ્રમાણપત્રકો/ અન્ય આધાર પુરાવા તેમજ તેની બે સ્વપ્રમાણિત નકલ સાથે ઉપસ્થિત રહી ફરજિયાત ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવી લેવાનું રહેશે. (રજૂ કરવાના આધારોની યાદી ઉમેદવારોની જાહેરાતની સૂચનામાં સામેલ છે.)

- જો આપ નિયત સ્થળે/તારીખે/સમયે ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે ઉપસ્થિત નહિ રહો તો આપ ભરતીની આગળની પ્રક્રિયામાં ભાગ લેવા માંગતા નથી એમ માની આપની અરજી રદ થવાને પાત્ર થશે. આ અંગે ઉમેદવાર કોઇપણ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહીં અને આ અંગે કોઇ લેખિત/ મૌખિક રજૂઆત કે પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.
- ઉમેદવારોને પોતે ભરેલ કોઇ વિગતમાં વિસંગતતા જણાય તો વેરિફિકેશન સેન્ટર ખાતે જરૂરી આધાર પુરાવા સહિત લેખિતમાં રજૂઆત આપવાની રહેશે.
- ડોક્યુમેન્ટ વેરિફિકેશન એ ભરતી પ્રક્રિયાનો એક ભાગ છે. જેનાથી નિમણૂક અંગેનો કોઇ હક પ્રસ્થાપિત થતો નથી અને ઉમેદવારના લાયકાતી પ્રમાણપત્રો કે રજૂ કરેલ દસ્તાવેજો કોઈપણ સમયે અયોગ્ય માલુમ પડશે તો ઉમેદવારની નિમણૂક રદ થવાને પાત્ર રહેશે.
- જો ઉમેદવાર ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે અનિવાર્ય સંજોગોનાં કારણે પોતે રૂબરૂ ઉપસ્થિત રહી શકાય તેમ ના હોય તો યોગ્ય વ્યક્તિને ઓથોરીટી લેટર સાથે આવા સંજોગોનાં આધાર પુરાવા સાથે મોકલી ડૉક્યુમેન્ટ વેરિફિકેશન કરાવી શકાશે.
- ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે રજૂ કરવાના આધારો તેમજ અન્ય સૂચનાઓ **તા.૦૩/૧૧/૨૦૨૫** નાં રોજ વેબસાઈટ પર ઉપલબ્ધ જે તે ભરતી માટેની દિવ્યાંગજનો માટે ખાસ ભરતી ઝુંબેશ અન્વયે ઉમેદવારોની સૂચનાઓ ધ્યાનમાં લેવાની રહેશે.